# માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષા અર્થગ્રહણનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

અભ્યાસક
કવિતા પ્રભાતસિંહ ડાભી
પીએચ.ડી. સ્કોલર
ગુજરાત યુનિવર્સિટી,
નવરંગપુરા,અમદાવાદ.

માર્ગદર્શક
ડૉ.ભાવેશ કે.શાહ
પ્રિન્સિપાલ,
આકાર અધ્યાપન મંદિર બી.એડ્.કોલેજ,
ઓગણજ, અમદાવાદ-60.

## 1. પ્રસ્તાવના

ભાષા એ માનવ વ્યવહારનું એક ઉત્તમ અને અવિભાજ્ય અંગ છે. વ્યક્તિના મનમાં આવતા વિચારો, ઉદ્‌ભવતી લાગણીઓ, ભાવો, કલ્પનાઓ અને અનુભવોને મૂર્ત સ્વરૂપમાં વ્યક્ત કરવાનું સાધન છે ભાષા. સંસ્કૃતિ અને સભ્યતાને જાણવા અને પ્રસારવા જ્ઞાન પ્રાપ્ત કરવા, જ્ઞાનનો પ્રસાર કરવા, સંગ્રહ કરવા અને શિક્ષણ આપવા માટે ભાષા મહત્ત્વનું ઉપકરણ છે. ભાષા વડે માણસ પ્રગતિના સોપાનો સર કરે છે. ભાષા જન્મદત્ત નથી, તે શીખવી પડે છે. દરેક બાળકમાં ભાષા શીખવાની ક્ષમતા તો જન્મથી જ હોય છે. બાળકને ગળથૂથીમાંથી જ તેની માતૃભાષાના સંસ્કાર સાંપડે છે, તેથી તે પોતાની માતૃભાષા કોઈપણ જાતના પ્રત્યક્ષ શિક્ષણ વગર પણ અપનાવી લે છે. માતૃભાષા પરની હથોટી એ સર્વ ભાષાના જ્ઞાન પ્રાપ્તિનો પાયો છે. બાળકના જ્ઞાનલક્ષી, વ્યક્તિત્વલક્ષી વિકાસના પાયામાં માતૃભાષા જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

પરંતુ પ્રવર્તમાન આધુનિક યુગમાં સતત વિસ્તરતી જતી જ્ઞાનની ક્ષિતિજો, જ્ઞાનના પ્રત્યક્ષ ક્ષેત્રમાં થતો જ્ઞાન માહિતીનો વિસ્ફોટ, વિજ્ઞાનની હરણફાળ પ્રગતિ, નવા નવા સંશોધનો, વૈશ્વિકરણનો વધતો મહિમા - આ બધાથી વંચિત રહેવું કોઈપણ સમાજને, રાજ્યને, રાષ્ટ્રને કે વ્યક્તિને પોષાય નહીં. વિશ્વમાં આવતા પરિવર્તનોની સાથે જાતને પરિવર્તિત કરવા માટે અને વિકસતા વિશ્વની સાથે કદમ માંડવા માટે વ્યક્તિએ વિકસતું જ્ઞાન હાથવગું કરવું પડે. માતૃભાષાનું ક્ષેત્ર આ કાર્ય કરવામાં સીમિત છે. આથી જે ભાષામાં જ્ઞાન માહિતી પ્રગટ થાય એ ભાષાનું જ્ઞાન વ્યક્તિ પાસે હોવું જરૂરી છે. પ્રવર્તમાન સમયમાં શિક્ષણ, વેપાર વાણિજ્ય, વિજ્ઞાન તક્નિકી જેવા ક્ષેત્રોમાં તેમજ આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય પ્રત્યાયનની ભાષા તરીકે અંગ્રેજી એ વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિશ્વની અન્ય ભાષાઓ કરતા અંગ્રેજી ભાષાનું ચલણ વિશ્વમાં વિશેષ છે. સમગ્ર વિશ્વમાં પ્રચાર, પ્રસાર પામેલી, ફાલેલી અને ફેલાયેલી ભાષા અંગ્રેજી છે. વૈવિધ્યસભર સાહિત્યની ઉપલબ્ધિ માટે, સાહિત્યિક, સૌંદર્યલક્ષી, સામાજિક, સાંસ્કૃતિક એમ